# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

2) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે, રાષ્ટ્રીય સુરક્ષા માટે આપણને સ્વદેશી શક્તિની જરૂર છે અને યુદ્ધને મજબૂત સ્થિતિમાં ટાળવું શ્રેષ્ઠ છે

3) આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાનો નવી દિલ્હીનો સંદેશ વિશ્વભરમાં ગુંજતો કરવા માટે ભારતના સાંસદોનું સર્વપક્ષિય પ્રતિનિધિ મંડળ વિવિધ દેશોની મુલાકાતે

4) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાં 81 અબજ ચાર કરોડ ડોલરનું સીધું વિદેશી રોકાણ થયું

5) IPL ક્રિકેટમાં આવતીકાલથી ક્વોલિફાયર મેચો રમાશે – પ્રથમ મેચમાં રોયલ ચેલેન્જર્સ અને પંજાબ કિંગ્સનો મુકાબલો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - GUJARAT VISIT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. આ ધ્યેયની સરખામણી સ્વતંત્રતા ચળવળ સાથે કરતા શ્રી મોદીએ કહ્યું કે જો પાછલી પેઢીઓ 20-35 વર્ષમાં અયોગ્ય શાસકોને હાંકી કાઢી શકે છે, તો 140 કરોડ નાગરિકો પણ આગામી 25 વર્ષમાં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરી શકે છે.

ગઈકાલે ગુજરાતના ગાંધીનગરમાં ગુજરાત શહેરી વિકાસના 20 વર્ષની ઉજવણી સમારોહમા બોલતા પ્રધાનમંત્રીએ ભારતના નોંધપાત્ર આર્થિક વિકાસ અને વૈશ્વિક સ્પર્ધકોને પાછળ છોડી દેવા પર ગર્વ વ્યક્ત કર્યો. શ્રી મોદીએ ભારત ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું તેને એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી ઉમેર્યું કે હવે ત્રીજા સ્થાને પહોંચવા માટે પ્રયાસો ગતિ પકડી રહ્યા છે. પ્રધાનમંત્રીએ 2036 માં ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાની ભારતની મહત્વાકાંક્ષાનો પણ પુનરોચ્ચાર કર્યો. તેમણે વૈશ્વિક નેતૃત્વની ભૂમિકા ભજવવા માટે દેશની તૈયારી પર ભાર મૂક્યો. ઓપરેશન સિંદૂરના મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર એ ફક્ત લશ્કરી પહેલ નથી પરંતુ દરેક ભારતીય નાગરિકની જવાબદારી છે. પ્રધાનમંત્રીએ નાગરિકોને તેમના દૈનિક વપરાશનું મૂલ્યાંકન કરવા, વિદેશી ઉત્પાદનો ઓળખી તેની જગ્યાએ સ્થાનિક ઉત્પાદનોના વપરાશ કરવાનો અનુરોધ કર્યો. પ્રધાનમંત્રીએ આર્થિક સ્વનિર્ભરતાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે સ્થાનિક ઉત્પાદન વધારવા અને સ્વદેશી ઉદ્યોગોને ટેકો આપવા માટે એક જિલ્લો, એક ઉત્પાદન વ્યૂહરચનાની હિમાયત કરી હતી.

પ્રધાનમંત્રી મોદીની ગુજરાતની બે દિવસીય મુલાકાત ગઈકાલે પૂર્ણ થઈ. આ દરમિયાન શ્રી મોદીએ 82 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ

પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમણે ગઈકાલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 5 હજાર 536 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ઉદ્ઘાટન કર્યું. સોમવારે પ્રધાનમંત્રીએ દાહોદ અને ભૂજમાં 77 હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું હતું.

# DHANKHAR - NATIONAL SECURITY

ઉપરાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે આપણને સ્વદેશી શક્તિની જરૂર છે. તેમણે કહ્યું કે યુદ્ધ સામે શ્રેષ્ઠ બચાવ ત્યારે જ થાય છે જ્યારે આપણે મજબૂત સ્થિતિમાં હોઈએ છીએ. શાંતિ ત્યારે જ સુનિશ્ચિત થાય છે જ્યારે તમે હંમેશા યુદ્ધ માટે તૈયાર રહો છો. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે શક્તિ ફક્ત તકનીકી ક્ષમતા અથવા પરંપરાગત શસ્ત્રોથી જ આવતી નથી, પરંતુ તે લોકોમાંથી પણ આવે છે.

ગઈકાલે રાજ્યસભા ઇન્ટર્નશિપ કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં શ્રી ધનખડે કહ્યું કે ઓપરેશન સિંદૂરે આપણી વિચારસરણી સંપૂર્ણપણે બદલી નાખી છે. હવે આપણે પહેલા કરતા વધુ રાષ્ટ્રવાદી બની ગયા છીએ. તેમણે કહ્યું કે તાજેતરની ઘટનાઓએ સ્પષ્ટ કરવું જોઈએ કે આપણી પાસે હવે એક જ રસ્તો છે - એકતામાં રહેવું અને મજબૂત બનવું. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સંસ્થાઓની જેમ, રાજકીય પક્ષોએ પણ રાષ્ટ્રીય સુરક્ષાને નૈતિક ફરજ માનવી જોઈએ.

ઉપરાષ્ટ્રપતિએ રાજકીય પક્ષોને આત્મનિરીક્ષણ કરવા અનુરોધ કરાતા કયું કે રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક પ્રગતિ જેવા વિષયો પર, બધા પક્ષોએ રાષ્ટ્રીય હિતને તેમના રાજકીય હિતોથી ઉપર રાખવું જોઈએ

# MORNING ALL PARTY DELEGATION

આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાનો નવી દિલ્હીનો સંદેશ વિશ્વભરમાં ગુંજતો કરવા માટે ભારતના સાંસદોનું સર્વપક્ષિય પ્રતિનિધિ મંડળ વિવિધ દેશોની મુલાકાત લઇ રહ્યું છે..

ગઇકાલે પનામામાં, કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય ભારતીય પ્રતિનિધિમંડળે પનામા વિધાનસભાના પ્રમુખ, ડાના કાસ્ટાનેડા સાથે મુલાકાત કરી. તેમની મુલાકાત દરમિયાન, શ્રી થરૂરે કહ્યું કે ભારતને યુદ્ધ કરવામાં કોઈ રસ નથી, પરંતુ તેમને લાગ્યું કે આતંકવાદી કૃત્ય સજા વગર ન રહેવું જોઈએ.

તેમણે પનામાને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને મદદ કરવા અને ગુનેગારોને ઓળખવા અને તેમની સામે કાર્યવાહી કરવા દબાણ કરવા અપીલ કરી..

જ્યારે દક્ષિણ આફ્રિકામાં, NCP (SCP) સુપ્રિયા સુલેના નેતૃત્વ હેઠળના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે સરહદ પાર આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય-સહિષ્ણુતા નીતિની હિમાયત કરી. પ્રતિનિધિમંડળે શેર કર્યું કે ભારત દ્વારા પ્રતિક્રિયામાં હાથ ધરવામાં આવેલ ઓપરેશન સિંદૂર અંગેની વિગતવાર માહીતા આપી હતી.. આ પ્રતિનિધિમંડળ આજે દક્ષિણ આફ્રિકાની સંસદમાં અને દક્ષિણ આફ્રિકા સરકારના મંત્રીઓ સાથે બેઠકો માટે કેપટાઉનની મુલાકાત લેશે.

# ITR

આવકવેરા રિટર્ન (ITR) ફાઇલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈથી વધારીને 15 સપ્ટેમ્બર કરવામાં આવી છે. કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ સેન્ટ્રલ બોર્ડ - CBDT એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ITR ફોર્મમાં મહત્વપૂર્ણ સુધારા કરવા અને લોકોને જરૂરી દસ્તાવેજો મેળવવા માટે સમય આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કરદાતાઓ માટે સરળ અને વધુ સચોટ ફાઇલિંગ સુવિધા માટે ઘણા મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# MORN. COMMERCE- FDI

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાં 81 અબજ ચાર કરોડ ડોલરનું સીધું વિદેશી રોકાણ આવ્યું છે. જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં 71 અબજ 28 કરોડ ડોલર કરતાં 14 ટકા વધુ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે કે ૨૦૨૪-૨૫માં, કુલ રોકાણમાં સેવા ક્ષેત્રનો હિસ્સો સૌથી વધુ ૧૯ ટકા હતો, જે કમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેરમાં ૧૬ ટકા અને વેપારમાં ૮ ટકા હતો.

સેવા ક્ષેત્રમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ પણ ગયા વર્ષે છ અબજ 64 ડોલરથી 40.77 ટકા વધીને નવ અબજ 35 ડોલર થયું છે. ઉત્પાદન ક્ષેત્રમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૮ ટકા વધીને 19 અબજ ચાર કરોડ ડોલર થયું છે જે ૨૦૨૩-૨૪માં 16 અબજ 12 કરોડ ડોલર હતું.

# BHARAT GAURAV TRAIN

રેલવે વિભાગ આગામી મહિનાની 28મી તારીખથી શરૂ થનારા રોમાંચક 'ભારત-ભૂતાન મિસ્ટિક માઉન્ટેન ટૂર' માટે ભારત ગૌરવ ડિલક્સ એર-કન્ડિશન્ડ ટૂરિસ્ટ ટ્રેન ચલાવશે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા રેલવે બોર્ડના માહિતી અને પ્રચારના કાર્યકારી નિયામક દિલીપ કુમારે જણાવ્યું હતું કે દિલ્હીના સફદરજંગ સ્ટેશનથી શરૂ થતી 14 દિવસની ટૂર ગુવાહાટી, શિલોંગ અને ચેરાપુંજી થઈને પશ્ચિમ બંગાળના હાસીમારા રેલ્વે સ્ટેશન પહોંચશે, જ્યાંથી પ્રવાસીઓને રોડ માર્ગે કુએન્તશોલિંગ લઈ જવામાં આવશે, જ્યાંથી તેઓ ભૂટાનમાં પ્રવેશ કરશે.

તેમણે કહ્યું કે પ્રવાસ દરમિયાન પ્રવાસીઓ થિમ્પુ, પુનાખા અને પારોની મુલાકાત લેશે, જે તેમના કુદરતી સૌંદર્ય અને પવિત્ર સ્થળો માટે પ્રખ્યાત છે. પ્રવાસીઓ પ્રવાસ કાર્યક્રમ મુજબ અન્ય ઘણા સ્થળોની પણ મુલાકાત લેશે. તેમણે કહ્યું કે ટ્રેનમાં 150 મુસાફરોની બેઠક ક્ષમતા હશે. પ્રવાસીઓ IRCTC વેબસાઇટ દ્વારા ટિકિટ બુક કરાવી શકે છે. આ અંગે દિલીપ કુમારે વધુ માહિતી આપી .

**(બાઇટ: દિલીપ કુમાર)**

# MORN.IPL CRICKET

IPL ક્રિકેટમાં ગઈકાલે લખનૌમાં ગ્રુપ સ્ટેજની અંતિમ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે લખનૌ સુપર જાયન્ટ્સને છ વિકેટથી હરાવી પોઈન્ટ ટેબલમાં બીજું સ્થાન મેળવ્યું

પ્રથમ બેટિંગ કરતા લખનૌની ટીમે 20 ઓવરમાં 227 રન બનાવ્યા. બેંગ્લોરની ટીમે 18 ઓવર અને ચાર બોલમાં ચાર વિકેટે 230 રન બનાવીને મેચ જીતી લીધી. બેંગ્લોરના કેપ્ટન જીતેશ શર્માએ અણનમ 85 રન બનાવ્યા. જ્યારે વિરાટ કોહલીએ 54 રન બનાવ્યા. જીતેશ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. પંજાબ કિંગ્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. રોયલ ચેલેન્જર્સ અને પંજાબ કિંગ્સ આવતીકાલે પ્રથમ ક્વોલિફાયર મેચમાં એકબીજા સામે ટકરાશે. ત્રીજા સ્થાને રહેલ ગુજરાત ટાઇટન્સ શુક્રવારે એલિમિનેટર મેચમાં મુંબઈ ઇન્ડિયન્સનો સામનો કરશે. IPLની બીજી ક્વોલિફાયર મેચ પહેલી જૂને રમાશે અને અંતિમ મેચ ત્રીજી જૂને રમાશે.

# IMD – WEATHER

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ, માહે, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી બે દિવસમાં આસામ, મેઘાલય, કર્ણાટકના આંતરિક ભાગો, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને તેલંગાણામાં ભારે વરસાદની આગાહી કરી છે. પશ્ચિમ બંગાળ, ગુજરાત, ઝારખંડ, ઉત્તરાખંડ અને વિદર્ભમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે. હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં વીજળી અને વાવાઝોડા પડી શકે છે.

આ દરમિયાન, હવામાન વિભાગે કહ્યું છે કે પશ્ચિમ રાજસ્થાનમાં તીવ્ર ગરમી જેવી સ્થિતિ યથાવત રહી શકે છે. આગામી 2 દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાન લગભગ 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ વધશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના તમામ અખબારોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસ દરમિયાન મેઈડ ઈન ઈન્ડિયાની વાત પર જે ભાર મુક્યો તેના સમાચાર હેડલાઈન તરીકે લીધા છે..
2) દિવ્ય ભાસ્કરનું મુખ્ય શિર્ષક છે સિંદૂરનું શૌર્ય દેખાડો, સ્વેદેશી અપનાવો- મોદી
3) સંદેશ અખબારની હેડલાઈન છે ડંખતો કાંટો કાઢીને જ જંપીશું- મોદીનો ટંકાર...
4) નવગુજરાત સમય પહેલા પાના પર લખે છે મેઈડ ઈન ઈન્ડિયા પર ગર્વ કરો , સ્વદેશી અપનાવો- પીએમ...
5) રાજસ્થાન પત્રિકાનું મુખ્ય શિર્ષક છે પાકિસ્તાનને પ્રોક્સી વોર નહીં, યુદ્ધ હી લડા, આતંકવાદ કે કાંટે કો નિકાલ લેંગે- મોદી...
6) તો આ સાથે જ ગુજરાત સમાચારે લખ્યું છે હીટવેવથી ત્રસ્ત પ્રજાને હાશકારો- જૂનમાં શ્રીકાર વર્ષાનો વરતારો...
7) આ સાથે જ અખબારોમાં સ્પોટર્સના સમાચારમાં બેંગલુરુ ટોપ-2માં, ગુજરાત એલિમિનેટરમાં રમશે...એશિયન એથ્લેટિક્સ- પ્રથમ દિવસે ગુલવિર્ ગોલ્ડ જીત્યો... સૌરાષ્ટ્ર પ્રો ટી20 લીગના પ્રથમ સિઝન માટેના ખેલાડિ ડ્રાફટની જાહેરાત, 7 જૂનથી પ્રારંભ થનમાર ટૂર્નામેન્ટ 20ની સુધી યોજાશે.... આ સમાચાર વાંચવા મળી રહ્યા છે...